# <u>૭૩મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી</u>

આજ રોજ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢ બારીઆ ખાતે તા. ૨૬/૦૧/૨૦૨૨ના રોજ ૭૩મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી હર્ષોલ્લાસ ભેર કરવામાં આવી. મુખ્ય અતિથિ વિશેષ તરીકે બોર્ડ ઓફ મેનેજમેન્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટિના સભ્યશ્રી દિલિપભાઈ ધાંગા ઉપસ્તિથ રહ્યા હતા તેઓશ્રીએ પ્રાસંગિક ઉદ્દબોધન આપતાં જણાવ્યું હતું કે આ વર્ષે આપણો દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે આપણે સૌ જાગૃત નાગરિક તરીકે આ મહોત્સવમાં સહભાગી થઈને લોકશાહીને મજબૂત બનાવવાના પ્રયાસ કરવા જોઈએ. આ ઉપરાંત અતિથિ તરીકે કેશવસિંહ બારીઆ, નિવૃત આચાર્ય, બુનિયાદી અધ્યાપન મંદિર,દે.બારીઆ ઉપસ્થિત રહેલ. અત્રેની કચેરીના યુનિટ વડા ડૉ. જી.જે. પટેલએ પ્રાસંગિક ઉદ્દબોધન આપતાં જણાવ્યું હતું કે આજે સાચા અર્થમાં સત્તા પ્રજાના હાથમાં આવી હતી જેની જાળવણી કરવાની આપણી સૌની ફરજ છે. પ્રજાની મૂળભૂત ફરજો જેવીકે મતાધિકાર, સ્વછતતા જાળવવી, એકબીજા પ્રત્યે આદરભાવના રાખીને દેશના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં સહભાગી થવું જોઈએ. વિશેષમાં અત્રેની કચેરીના તમામ અધિકારી/કર્મચારીશ્રીઓ તેમજ કુશળ રોજમદાર અને ખેતમજૂરોની ઉપસ્થિમાં સદર પ્રસંગની હર્ષોલ્લાસ સાથે સમાપન કરવામાં આવી છે.











આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી





